અપીલ અરજી નં.૧૫૪ તા.૭–૭–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વાય.એમ.સૈયદ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વાય.એમ.સૈયદની તા.૨૬–૫–૧૧ની અરજીથી ૮૫–૮૬/બી, પારસ સોસાયટી જૈનમંદિર પાસે, કતારગામ વાળી મિલકત ઉપર હાલ કોઈ બાંધકામ ચાલી રહેલું હોય એસ.એમ.સી. ધ્વારા કોઈ પરવાનગી આપવામાં આવી છે કે કેમ ? વિ.મુદ્દા નં. (૧) થી (૬) ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૭–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૫૪/૨૦૧૧–૧૨

શ્રી વાય.એમ.સૈયદની તા.૨૬–૫–૧૧ની અરજીથી ૮૫–૮૬/બી, પારસ સોસાયટી જૈનમંદિર પાસે, કતારગામ વાળી મિલકત ઉપર હાલ કોઈ બાંધકામ ચાલી રહેલું હોય એસ.એમ.સી. ધ્વારા કોઈ પરવાનગી આપવામાં આવી છે કે કેમ ? વિ.મુદ્દા નં. (૧) થી (૬) ની માહિતી આપવા બાબતે ડે.કમિ.(૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન ના પત્ર નં. એન.ઝેડ./ એ.આર.ડી./ ૧૩૦ તા.૬–૬–૧૧થી જે જવાબો આપવામાં આવેલા છે તે મુદ્દા નં. (૩) સિવાય માહિતી આપેલ નથી તથા મનસ્વી અને મહાનગર પાલિકાનાં નિયમોને અવગણી માહિતી માંગનારને ગેરમાર્ગે દોરનાર હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૭–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા મુદ્દા નં. ૬ અંગે દફતરી હકીકતલક્ષી માહિતી જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૪૭૧ તા.૧૨–૭–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.૧૪૩૧ તા.૭–૬–૧૧ ની માહિતી ૧ થી ૬ મુદ્દાની મોકલ્યા બાદ તે પૈકી કઈ માહિતી–મુદ્દા માટે શું નારાજગી છે આધાર હોય તો તે સહિત કરવા તથા મનસ્વી અને નિયમો અવગણી આપેલ માહિતી અંગે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈપૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૮–૭–૧૧ નો પૂરક પત્ર મળેલ છે.

અરજદારની તા.૨૬–૫–૧૧ ની અરજીથી ૮૫–૮૬/બી, પારસ સોસાયટી જૈનમંદિર પાસે, કતારગામ, સુરત ખાતે,આવેલ મિલકતની ઉપર થઈ રહેલા બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી મ. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ અંગે નં.એન. ઝેડ/એઆરડી/૧૩૦ તા.૬–૬–૧૧ નાણા ભરવા અંગે સમય અવધિમાં પત્ર પાઠવવામાં આવેલ.જેના સંદર્ભે અરજદાર તરફથી રસીદ નં.૩૧૭૪૧૭ તા.૮–૬–૧૧ થી રૂા.૧૨/– ભરપાઈ કરેલ છે.જયારે અન્ય મુદ્દા અંગે પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૧૪૩૧ તા.૭–૬–૧૧ ના પત્રથી અરજદારને નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૭–૬–૧૧ ના રોજ મળેલ જવાબ સંપૂર્ણ અને ન્યાયિક નથી તથા ગેરમાર્ગે દોરનાર છે તેવું જણાવી નારાજ થઈ તા.૭–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારના મુદ્દા નં.૧ ૮૫–૮૬/બી, પારસ સોસાયટી જૈનમંદિર પાસે, કતારગામ વાળી મિલકત ઉપર હાલ કોઈ બાંધકામ ચાલી રહેલું હોય એસ.એમ.સી. ધ્વારા કોઈ પરવાનગી આપવામાં આવી છે કે કેમ ? મુદ્દા નં.૨ સદર મિલ્કતની કોઈ પરવાનગી આપી હોય તો તેકટલા માળની અને કયા પ્રકારની બાધકામની મંજુરી આપવામાં આવી છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ અને ૨ બાબતે સદર મિલ્કતમાં કતારગામઝોન ધ્વારા કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ સદર મિલ્કતનો ક્ષેત્રફળ કેટલું છે એને હાલ અને કેટલા ક્ષેત્રફળમાં બાંધકામની મંજુરી આપવામાં આવેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ ની અંશતઃ માહિતી અંગે જણાવેલ છે કે કતારગામઝોન તરફથી કોઈ પણ ક્ષેત્રફળ બાંધકામની મંજુરી આપવામાં આવેલ નથી . જયારે આ મિલ્કતની આકારણી કોના નામે ચાલી આવેલ છે તેની માહિતી માટે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૧૩૦ તા.૬–૬–૧૧ થી મુદ્દા નં.૩ પૈકી પ્લોટ નં.૮૫–૮૬ બી પારસ સોસા. કતારગામની આકારણી કોના નામે ચાલી આવેલ છે તે બાબતે કતારગામઝોનના વોર્ડ સર્વેયર તરફથી તા.૪–૬–૧૧ ના રીપોર્ટ સાથે રજૂ કરેલ સદર મિલ્કતના પાર્ટી સ્ટેટસના પાના નંગ–૬ કતારગામઝોન ના આકારણી અને વસુલાત વિભાગની કચેરીમાંથી કચેરીના કામકાજના ચાલુ દિવસો દરમ્યાન સવારે ૧૧ થી સાંજે ૪.૩૦ (રીશેષ સમય બપોરે ૨.૩૦ થી ૩.૦૦ સિવાય) દરમ્યાન તે અંગેની દસ્તાવેજી ખર્ચ રૂા.૧૨/– પાના દીઠ રૂા.૨/– જમા કરાવી મેળવી લેશો.

તેવું જણાવેલ. જે બાબતે અરજદારે રસીદ નં. ૩૧૭૪૧૭ તા. ૮–૬–૧૧થી નાણા ભરપાઈ કરી માહિતી મેળવેલ જણાય છે. આથી તેટલા પુરતી કોઈ તકરાર રહેતી નથી મુદ્દા નં.૪ સદર મિલકતના બાંધકામની પરવાનગીની રજાચિઠ્ઠીની નકલ, મુદ્દા નં. ૫ સદર મિલકતમાં થઈ રહેલ બાંધકામના પ્લાન મંજુરી અને નકશાની નકલ અને ૧ થી ૫ની પ્રમાણિત નકલો તેવા પ્રશ્ન બાબતે મુદ્દા નં.૪ અને ૫ અંગે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે કે ૮૫,૮૬/બી પારસ સોસાયટીમાં વિકાસ પરવાનગી કતારગામઝોન ખાતેથી આપવામાં આવેલ ન હોય રજાચિઠ્ઠી કે પ્લાન પાસની કોપી મળી શકે નહીં તેવું જણાવેલ છે મુદ્દા નં.૬ સદર મિલકત ઉપર વગર પરવાનગીએ બાંધકામ થઈ રહયું હોય તો તેની સામે કોઈ પગલા કેમ ભરાયા નથી તેની વિગત અથવા તેની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી હોય તો તેની પ્રમાણિત નકલ તેવા પ્રશ્ન બાબતે જા.મા.અ. તરફથી ૮૫,૮૬/બી પારસ સોસા.માં કતારગામઝોનની કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં ગેરકાયદેસર બાંધકામ બાબતેની માહિતી ઉપલબ્ધ ન હોય તેથી માહિતી આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે માંગવામાં આવેલ ૬ પ્રશ્નમાંથી માત્ર ૩ નંબરના પ્રશ્નનો જવાબ આકારણી કોના નામે ચાલી આવેલ છે તેની માહિતી આપવામાં આવેલ છે. જયારે અન્ય પાંચ પ્રશ્નની કોઈ માહિતી આપવામાં આવેલ નથી. જે સંદર્ભે અરજદારને અપીલ તબકકે પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧૮–૭–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં પત્ર ક્રમાંક ૧૪૩૧ તા.૭–૬–૧૧ થી માહિતી મોકલ્યા બાદ નારાજગી અંગે આધારસહ વિગતો મોકલવા પત્ર પાઠવવામાં આવેલ સાથે જાહેર માહિતી અધિકારીએ દફતરી માહિતી પૂરી પાડયાનું પણ જણાવેલ. જે અંગે અરજદારે માહિતી માંગ્યાની નાણા ભર્યાની રસીદ અને ખાતા તરફથી આપેલ જવાબોની નકલ હોવાનું જણાવેલ અને માહિતી છુપાવવા, ગેરમાર્ગે દોરવા અને સત્યથી વેગળા જવાબથી નારાજ છે તેવું જણાવેલ રૂબરૂમાં પુરાવા રજૂ કરીશુ તેવું જણાવેલ. પરંતુ નારાજગીના આધાર કે મનસ્વી નિર્ણય બાબતે વિગતો રજૂ કરવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને મુદ્દા નં.૩ સિવાયના પ્રશ્નો બાબતે બાંધકામની મંજુરી આપેલ ન હોવાનું દફતરી હકીકત જણાવેલ છે તેમાં બાંધકામની પરવાનગી વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તેથી ક્ષેત્રફળ રજાચિઠ્ઠી કે પ્લાન જેવી સંદર્ભની વિગતો ન હોવાનું પણ જણાવેલ છે. આથી અરજદારે મુદ્દા નં.૩ સિવયાની માહિતી નહીં પૂરી પાડયાની રજૂઆતને અનુમોદન મળતું નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ માહિતી જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. અરજદારની મુદ્દા નં.૬ માં પરવાનગી વગરના બાંધકામ બાબતે પગલા કેમ ભરાયા નથી અથવા તેની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તેની નકલની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપાયેલ નથી જે દફતરી વિગતે આપવા જોગ થાય.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૬–૫–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતીમાં પૈકી મુદ્દા નં.૬ અંગે ઉપરોકત હકીકતમાં જણાવેલ વિગતે અરજદારને નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દફતરી વિગતે દિન–૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી વાય.એમ.સૈયદ